# કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,નવસારી

મેજીસ્ટ્રેટ શાખા, જિલ્લા સેવા સદન, ૧લો માળ,કાલીયાવાડી,નવસારી

ફો.ન.૦૨૬૩૭–૨૪૮૦૯૯, ફેકસ– ૨૮૧૫૪૦, ઈમેઈલ– collector-nav@gujarat.gov.in

નં.ડીસીબી/એમએજી/કોરોના/૧૪૪/જા.નામુ/વશી. ૧૨૩૬ થી ૧૨૬૫ /૨૦૨૦ તા.૧૭/૦૫/૨૦૨૦

" ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩ હેઠળ જાહેરનામુ " ::–

## –:સુધારા જાહેરનામુ :–

આ કચેરીનાં તા.૦૩/૦૫/૨૦૨૦નાં સરખા ક્રમાંકનાં જાહેરનામાથી ગૃહ મંત્રાલય, ભારત સરકાર તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગની સૂચનાઓ તથા નોવેલ કોરોના વાયરસ COVID-19 ના સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને લઈ, જાહેર આરોગ્ય, સલામતિ અને લોકોની સુખાકારી જળવાઈ રહે તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિને પણ અસર થવા ન પામે તે માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩(૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ–૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩ હેઠળ સમગ્ર નવસારી જીલ્લામાં તા.૧૭/૦૫/૨૦૨૦ સુધીની મુદત માટે નિયમો લાગુ કરવામાં આવેલ છે.

ભારત સરકારશ્રીનાં ગૃહ મંત્રાલય ધ્વારા તા.૧૭/૦૫/૨૦૨૦નાં હુકમથી લોકડાઉની મુદત તા.૩૧/૦૫/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે અને લોકડાઉનની લંબાવેલ મુદત દરમ્યાન અનુસરવાની થતી કાર્યપધ્ધતિ બાબતે જરૂરી હુકમો કરવામાં આવેલ છે જેની વિગતે રાજય સરકારશ્રી તરફથી વિગતવાર ગાઈડ લાઈન જાહેર થયેથી અત્રેના જીલ્લામાં તે મુજબના નિયમો લાગુ કરવાના થશે. હાલ, ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૧૭/૦૫/૨૦૨૦નાં જાહેરનામા ક્રમાંક–જીજી/૨૫/૨૦૨૦/વિ–૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી રાજય સરકારનાં તા.૦૩/૦૫/૨૦૨૦ના હુકમ ક્રમાંક–જીજી/૨૪/૨૦૨૦/વિ–૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ની મુદત તા.૧૮/૦૫/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ હોય, તે મુજબ અત્રેનાં જિલ્લામાં પણ આ કચેરીના સરખાં ક્રમાંકના તા.૦૩/૦૫/૨૦૨૦ના જાહેરનામાની મુદત તા.૧૮/૦૫/૨૦૨૦નાં ૨૪:૦૦ કલાક સુધી લંબાવવા આથી સુધારા હુકમ કરવામાં આવે છે.

આ કચેરીનાં સરખા ક્રમાંકનાં તા.૦૩/૦૫/૨૦૨૦ના જાહેરનામાની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

આ જાહેરનામાની બજવણી વ્યકિતગત રીતે શકય ન હોય, એકતરફી હુકમ કરવામાં આવે છે તથા આ હુકમની જાહેરાત સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા મીડીયા મારફત તેમજ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરીને કરવાની રહેશે.

આ હુકમ આજ તા.૧૭, માહે : મે–૨૦૨૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યો.

ADDITIONAL DISTRICT MAGISTRATE અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારી NAVSARI

કે.જે.રાઠોડ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નવસારી

પ્રતિ,
મેનેજરશ્રી, સરકારી પ્રેસ વડોદરા.

૨/– ઉકત જાહેરનામાની ૨(બે) નકલો આ સહ સામેલ છે. જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ૫ નકલો અત્રેની રેકર્ડ શાખાને મળે તે રીતે મોકલી આપવા વિનંતી સહ.

Scanned with CamScanner

**નકલ સવિનય રવાના:–**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, ગુજરાત સરકાર, જુના સચિવાલય, ગાંધીનગર.
(૪) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, નવસારી
(૫) ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટશ્રી, નવસારી.

**નકલ જયભારત સહ રવાના:–**

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નવસારી.
(૨) જયુડીશિયલ મેજીસ્ટ્રેટશ્રી(ફ.ક.) નવસારી / જલાલપોર / ગણદેવી / ચીખલી / વાંસદા
(૩) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી.
આપની કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર તથા તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારૂં.
(૪) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,નવસારી.
(૫) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નવસારી/ચીખલી/વાંસદા.
(૬) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી,નવસારી
(૭) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,નવસારી
(૮) મામલતદારશ્રી, નવસારી(શહેર/ગ્રામ્ય)/જલાલપોર/ગણદેવી/ચીખલી/વાંસદા/ખેરગામ.
(૯) તાલુકા વિકાસ અધિકારીશ્રી,નવસારી/જલાલપોર/ગણદેવી/ખેરગામ
(૧૦)આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી, ચીખલી/વાંસદા
(૧૧) સહાયક માહિતી નિયામકશ્રી, નવસારી.
સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે બહોળી પ્રસિધ્ધિ અપાવવા સારૂં.
(૧૨) જિલ્લા સરકારી વકીલશ્રી,નવસારી
(૧૩) ચીફ ઓફિસરશ્રી,નવસારી/જલાલપોર/ગણદેવી/બીલીમોરા
(૧૪) નાયબ મામલતદારશ્રી, રેકર્ડ શાખા, નવસારી.
ઉકત જાહેરનામાની ગેઝેટની નકલ આપની શાખામાં મળ્યેથી તાત્કાલીક મેજીસ્ટ્રેટ દફતરે પહોંચતી કરવા સારૂં.

Scanned with CamScanner